સાબરકાંઠા - બનાસકાંઠા દિવડાથી દીપી ઉઠ્યું





વડાપ્રધાનની અપીલને સૌ કોઈએ ઉમળકાભેર વધાવી રાત્રે પ્રજાજનોએ દિવા પ્રજ્વલિત કર્યા હતા. જાણે કે દિવાળી જેવો માહોલ સર્જાયો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્રજાજનોને ૯ વાગ્યાથી ૯ મીનીટ સુધી દિપ પ્રગટાવવાની અપીલ કરી હતી. પ્રજાજનોએ ૯ વાગ્યા પહેલાં જ લોકોએ પોતાના ઘરની લાઈટો બંધ કરી હાથમાં દિવો અને ટોર્ચ લઈને ઘરની બહાર ઉભા રહેતા દિવાળી જેવો અદભુત માહોલ જોવા મળ્યો હતો. પ્રજાજનોએ ભારત માતા કી જયના ગગનભેદી નારા જોરશોરથી લગાવ્યા હતા. વિવિધ મંદિરોમાં પણ દિવડાઓ ઝળહળી ઉઠ્યા હતા. દીપ પ્રગટાવવા અને લાઈટો બંધ કરવા સુધી તો ઠીક હતું પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે થાળી વગાડવાની જેમ આ વખતે પણ પ્રજાજનોમાં વધારે પડતો ઉત્સાહ એકંદરે જોવા મળ્યો હતો. પ્રજાજનો ફટાકડા ફોડવા લાગ્યા હતા.ધાબા પર જઈ આતશબાજી કરી હતી. પ્રજાજનોએ ભારત માતા કી જય, વંદે માતરમના નારા પણ લગાવ્યા હતા.

મોડાસા મામલતદાર અરૂણદાન ગઢવીએ શેલ્ટર હાઉસના આશ્રિતોને આપી અનોખી સેવા

શ્રમિકોને બાલ-દાઢી માટે વાળંદ ઉપલબ્ધ કરાવ્યો

શહેરોમાં મજૂરી અર્થે ગયેલા લોકો કોરોનામાં થયેલા લોકડાઉનને કારણે પોતાના વતન તરફ પરત ફર્યા છે ત્યારે જે લોકોને આગળ જવાની મંજૂરી મળી નથી તેવા લોકોને અરવલ્લી જિલ્લાતંત્ર દ્વારા શેલ્ટર હાઉસ તૈયાર કરીને રાખવામાં આવ્યા છે જ્યાં આ લોકોને વહીવટીતંત્ર અને સેવાકીય સંસ્થાઓ રહેવા જમવાની સગવડ પુરી પાડવામાં આવી છે. ત્યારે મોડાસા મામલતદાર અરુણદાન ગઢવી દ્વારા શેલ્ટર હોમમાં રોકાયેલા વ્યક્તિઓને વાળ કપાવવા અને દાઢી કરાવવા માટેની પણ સગવડ પુરી પાડવામાં આવી હતી.

કોરોના વાઈરસે સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી દીધો છે. ત્યારે ભારતમાં કોરોના વાઈરસનું સંક્રમણ ન વધે તે હેતુથી સમગ્ર દેશને ૨૧ દિવસના લોકડાઉનમાં મુકી દેવામાં આવ્યો છે. બીજી બાજુ લોકડાઉન જાહેર થતાં શહેરોમાં શ્રમિકોને કામ મળતું બંધ થઈ ગયું હોવાથી પોતાના વતન ભણી પ્રયાણ કરવા લાગ્યા હતા. ત્યારે અરવલ્લી જિલ્લાની સરહદેથી આવા શ્રમિકો માટે આગળ ન જવા દેવા માટે બે શેલ્ટર હોમ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં ૧૭૦ જેટલા શ્રમિકોને રહેવા જમવાની સગવડ કરવામાં આવી છે. જેમાં તંત્ર અને સેવાકિય સંસ્થાઓ દ્વારા ઈનડોર ગેમ સહિતની સગવડો ઉભી કરવામાં આવી છે. રવિવારના રોજ મોડાસા મામલતદાર અરૂણદાન ગઢવી દ્વારા શેલ્ટર હોમમાં રહેતા શ્રમિકો માટે તેઓના વાળ કપાવવા તેમજ દાઢી કરવા માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી.

મંડળીની ટુંકી મુદત વસુલાતની પાકતી તારીખ સુધી ઓટોમેટીક રિન્યુઅલ કરી આપવા ખેડૂતોની માંગ

કોરોનાને લઈને લોકડાઉન હોઈ મંડળીની ટુંકી મુદત વસુલાતની પાકતી તારીખ સુધી ઓટોમેટીક રિન્યુઅલ કરી આપવા અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ માંગ કરી છે. ધનસુરાના ખેડૂત અગ્રણી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલમાં ૨૧ દિવસના લોકડાઉનને લઈ દેશમાં બજારો બંધ છે. આવા સમયે મંડળીની વસૂલાત ભરવાનો સમય નજીક આવતા ખેડૂતોને ખેત ઉત્પાદનનો માલ બજારમાં વેચવામાં મુશ્કેલીઓ છે. આવા સમયે ખેડૂતોએ કોરોનાથી બચવા અંતર પણ રાખવાનું છે, સાવચેતી વચ્ચે બજારોમાં પાક વેચવામાં પણ મુશ્કેલીઓ છે ત્યારે વસુલાતના સમય લંબાવવાને બદલે સરકાર બેંકના ખેડૂતોના ખાતામાં પૈસા સીધા જમા ઉધાર કરી ઓટોમેટિક એક વર્ષની મુદત તા.૩૧-૦૫-૨૦૨૧ સુધી પાકધીરાણ ની તારીખ રિન્યુઅલ કરવા બેંકોને સૂચન આપે એવી માંગણી ખેડૂતો કરી રહ્યા છે. કારણ કે ખેડૂતો જે ધિરાણ મેળવે છે તેમાં અગાઉનું વ્યાજ ખેડૂતોના ખાતામાં બેંકે જમા આપેલ છે. જેથી ખેડૂતોએ વ્યાજ ભરવાનો પ્રશ્ન નથી માત્ર ખેડૂતની મુદ્દલ રકમ જ ઉલ્ટાવવાની છે. સરકાર બેંકોને ખેડૂતોના ખાતામાં હવાલો પાડવાની સૂચના આપી પાકતી તા. ૩૧-૦૫-૨૦૨૧કરી દેવામાં આવે તો ખેડૂતોને રાહત થાય એમ છે. ધનસુરાના ખેડૂત અગ્રણી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વર્ષે કમોસમી વરસાદથી ખેડૂતોને નુકસાન થયું છે અને ખેત ઉત્પાદન પર પણ અસર થઈ છે.

કોરોનામાં ખાખીની માનવતા મહેકી

માલપુર પોલીસે નગરમાં ભિક્ષુક જીવન વિતાવતા વ્યક્તિને નવડાવી ધોવડાવી સ્વચ્છ કર્યો

કોરોના વાયરસના ચેપને ફેલાવાથી રોકવા માટે સમગ્ર દેશમાં ૧૪ એપ્રિલ સુધી લોકડાઉન આપવામાં આવ્યું છે. આ નિર્ણયના કારણે લોકો પોતાના ઘરમાં કેદ છે જેથી કોરોનાનું સંક્રમણ રોકી શકાય. આવામાં ગરીબ વર્ગના અને ભિક્ષાવૃત્તિ સાથે સંકળાયેલા લોકો પર આભ તૂટી પડ્યું છે અને તે ખાવા માટે વલખા મારી રહ્યા છે. સેવાકીય સંસ્થાઓ અને પોલીસતંત્ર જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ બની રહી છે. ખાખીની કડક છાપ ધરાવતી પોલીસની દરિયાદિલી કોરોનામાં પ્રશંસા પાત્ર બની રહી છે. અરવલ્લી જીલ્લાના માલપુર નગરમાં ફૂટપાથ પર પડી રહી ભિક્ષુક જીવન જીવતા માનસિક રીતે દિવ્યાંગ વ્યક્તિને નવડાવી માલપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓએ સરાહનીય કામગીરી કરી હતી.

માલપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમે માલપુર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાઉનની અમલવારી માટે સઘન પેટ્રોલિંગ દરમિયાન માલપુર નગરમાં લોકડાઉનમાં તમામ દુકાનો બંધ રહેતા ભિક્ષુક યુવકની હાલત કફોડી બનવાની સાથે ભૂખ્યો-તરસ્યો પડી રહ્યો હોવાનું જોવા મળતા પોલીસ કર્મચારીઓને સૂચના આપી પોલીસ સ્ટેશન લઈ આવી માનસિક રીતે દિવ્યાંગ વ્યક્તિને નવડાવી સ્વસ્થ કરી તેના વાળ-દાઢી કરાવી જુના અને ગંદા થઈ ગયેલા કપડાં કાઢી નવાં કપડાં પહેરાવીને સેવાકીય અભિગમનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભિક્ષુક વૃત્તિ કરતા યુવકના ચહેરા પર ખુશી જોવા મળી હતી હાલ યુવક માનસિક અસ્વસ્થ હોવાથી તેની સાથે માનવીય અભિગમ દાખવી તેના પરિવારની માહિતી મેળવવા તજવીજ હાથ ધરી છે.

માલપુર પીએસઆઈ એન.એમ. સોલંકીના જણાવ્યા અનુસાર હાલ ભૂખ્યા તરસ્યા હાલતમાં રહેલ ભિક્ષુક વૃત્તિ કરતા યુવકને પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યો છે. માનસિક રીતે દિવ્યાંગ હોવાથી મનોચિકિત્સકની મદદ લઈ સારવાર કરી સુરક્ષીત સ્થળે રાખવાની વ્યવસ્થા પોલીસ દ્વારા વિચારાઈ રહી છે. યુવક પાસેથી તેના પરિવાર માહિતી મેળવી તેના પરિવાર સાથે મીલન કરાવવાની દિશામાં પ્રયત્નો હાથ ધર્યા છે.

ડીસા હાઈવે નજીકથી બોલેરોની ઉઠાંતરી

ડીસા તાલુકાના નેસડા ગામે રહેતા બાબુભાઈ કલ્યાણભાઈ ચૌધરી પોતાની બોલેરો કાર (ન. જી.જે.૧૧.એસ.૫૧૫૬) લઈ ગત તા. ૧૭-૩-૨૦ના રોજ ડીસા સારવાર અર્થે આવ્યા હતા અને બોલેરો કાર હાઈવે નજીક સી.કે. પટેલની હોસ્પિટલ નજીક પાર્ક કરી ડો. હિરેન પટેલને ત્યાં પોતાના બાળકને સારવાર માટે ગયા હતા. બાદમાં પરત આવતા ત્યાં પોતાની પાર્ક કરેલી બોલેરો કાર જોવા મળી ન હતી.

વડગામ સરપંચ સાથે મુખ્યમંત્રીએ વાત કરી પરિસ્થિતિનો ચિતાર મેળવ્યો

ગુજરાતના મુખ્યમંત્રી કોરોના વાયરસ વચ્ચે જુદા જુદા અધિકારીઓ, સરપંચ, દુકાનદારો સાથે વાતચીત કરી પ્રવર્તમાન સ્થિતિનો ચિતાર મેળવી રહ્યા છે. જ્યાં વડગામના સરપંચ સાથે પણ ટેલિફોનિક વાતચિત કરી હતી. જેમાં સરપંચે અનાજ- આરોગ્યની કામગીરી અંગે માહિતી આપી હતી.

સમગ્ર ભારતમાં કોરોના વાયરસ નો હાહાકાર મચી જવા પામ્યો છે. ગુજરાતમાં પણ આ વાયરસના પોઝેટિવ દર્દીઓની

સંખ્યા જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જુદા જુદા અધિકારીઓ, સરપંચ, દુકાનદારો સાથે વાતચીત કરી પ્રવર્તમાન સ્થિતિનો ચિતાર મેળવી રહ્યા છે. જ્યાં વડગામના સરપંચ ભગવાનસિંહ સોલંકી સાથે પણ ટેલિફોનિક વાતચિત કરી હતી. જેમાં સરપંચે અનાજ- આરોગ્યની કામગીરી અંગે માહિતી આપી હતી.

ડીસામાં લોકડાઉન દરમિયાન જાહેરનામાનો ભંગ કરનાર અગિયાર સામે ફરિયાદ

કોરોના વાયરસને લઈને સમગ્ર રાજ્યમાં લોકડાઉન અપાયું છે, આ લોકડાઉનનો અમલ થાય અને લોકો ઘરમાં રહે તે માટે પોલીસ પણ સક્રિય બની છે, તેમ છતાં પણ લોકો અવારનવાર લોકડાઉનના આદેશનો ભંગ કરતા હોય છે. જેના પગલે પોલીસ પણ આવા ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરતી હોય છે. ત્યારે ડીસામાં પણ રવિવારે લોકડાઉનનો ભંગ કરનાર અગિયાર વ્યક્તિઓ વિરુદ્ધ કલેકટરના જાહેરનામનો ભંગ બદલ કલમ ૧૮૮ અને ૨૬૯ હેઠળ ગુનો નોંધી પોલિસ કાર્યવાહી કરવામાં આવી છે.

કોની સામે કાર્યવાહી ?

નાસીર બાબુભાઈ અંસારી, વસીમ સમીમ અંસારી, ફકીર એહમદ અંસારી, પરસોતમ વિરાજી બારોટ, સતીશ કાંતિભાઈ સોની, ભાણેશ્વર ગોબજી ડોબાઈ, રમેશ કાંતિલાલ મોચી, રમેશ ભગવાનદાસ પરમાર, કુરાજી મોતીજી ઠાકોર, સુભાષભાઈ મોહનલાલ ત્રિવેદી, મનુભાઈ વિસાભાઈ પટેલ